ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૫-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ॥ શિવાસ્તે પન્થાનઃ સન્તુ ॥

### ગુજરાતી નેતાને રાષ્ટ્રની ધુરા સાંપડો!

આખરે લોકસભા-૨૦૧૪ની છેલ્લા તબક્કાની ચૂંટણીનું પ્રભાત ઊગ્યું છે ત્યારે દરેક ગુજરાતી એના અંતઃકરણના ઊંડાણમાં તો નરેન્દ્રભાઈ મોદી માટે શુભેચ્છા જ દાખવતો હોય તે સ્વાભાવિક છે. ગુજરાતના મહાન સપૂતોએ દેશની આઝાદીની ચળવળનું નેતૃત્વ સંભાળ્યું હતું. ગુજરાતે ગાંધી અને સરદાર ઉપરાંત ગુલઝારીલાલ નંદા, મોરારજી દેસાઈ અને ગણેશ વાસુદેવ માવળંકર જેવા નેતાઓ આપ્યા છે. પંડિત નહેરુના તેમજ લાલબહાદુર શાસ્ત્રીના મંત્રીમંડળમાં નંબર-ટુ ગણાતા ગુલઝારીલાલ નંદાજીએ બેઉના અવસાન પછી કાર્યકારી વડાપ્રધાન તરીકેની કામગીરી સંભાળી હતી. દેશની પ્રથમ લોકસભાના અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવળંકર અમદાવાદમાં વસી ગયેલા મરાઠી ભાષી નેતા હતા. એમણે ગુજરાતીમાં કેટલીક સુંદર વાર્તાઓ પણ લખી હતી. ભૂતકાળમાં ગાંધીનગરની બેઠક પરથી અપક્ષ સાંસદ તરીકે ચૂંટાયેલા પ્રખર રાજનીતિશાસ્ત્રી પુરુષોત્તમ ગણેશમાવળંકર અને તજજ્ઞ તબીબ ડો. વી.જી. માવળંકરના એ પિતા થાય. મોરારજી દેસાઈ નહેરુ યુગના સમર્થ રાષ્ટ્રીય નેતા હતા. 'નહેરુ પછી કોણ?' એવા પ્રથનના જવાબદમાં એક ફરજિયાત વિકલ્પ તરીકે મોરારજી દેસાઈનું નામ ચર્ચાતું રહેતું અને સફળ નાણામંત્રી તથા સ્વચ્છ પ્રતિભા ધરાવતા ગાંધીવાદી નેતા તરીકે એમની આગવી ધાક પણ હતી. પરંતુ એમની આ 'ધાક' ઉપરાંત એ હિંદીભાષી પટ્ટાના નેતા નહોતા તે બાબત એમને સતત નડતી રહી હતી. લાલબહાદુર શાસ્ત્રી કરતાં તેઓ નિઃશંકપણે વધુ પ્રતિભાશાળી અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત સાબિત થઈ શકયા હોત. પરંતુ એમને ગુજરાતી હોવાના કારણે જ અન્યાય થયો હતો અને ત્યારે સરદાર પટેલને કરાયેલ અન્યાયનું જાણે પુનરાવર્તન થયું હોય એવો ધક્કો ગુજરાતની પ્રજાએ અનુભવ્યો હતો. શાસ્ત્રીજી અલબત્ત, ખૂબ સારા વડાપ્રધાન સાબિત થયા હતા, પરંતુ એમના કાર્યકાળમાં ભારતીય સેનાએ મેળવેલ ઐતિહાસિત વિજય તાશ્કંદની સંધિ સાથે જ એળે ગયો હતો. ખુદ શાસ્ત્રીજીને એ આઘાત જીરવાયો નહોતો અને તેઓ તાશ્કંદમાં જ હાર્ટ એટેક આવતાં મૃત્યુ પામ્યાં હતા. ફરી એકવાર 'ગુજરાતી' મોરારજી દેસાઈ માટે વડાપ્રધાન બનવાની કુદરતી તક સરજાઈ હતી પરંતુ હિંદી ભાષી પ્રદેશોના કોંગ્રેસી સાંસદોએ ત્યારે પણ આ કટ્ટર ગાંધીવાદી ગુજરાતીને ડિંગો બતાવી દઈ 'ગૂંગી ગુડિયા'ની ઈમેજ ધરાવતાં યુવાન ઈન્દિરા ગાંધી પર પસંદગી ઉતારી હતી. આખરે મોરારજી દેસાઈએ મોડેમોડે ઈન્દિરા ગાંધી સામે જયપ્રકાશ નારાયણના નેતૃત્વમાં થયેલ આંદોલનની ફલશ્રુતિ લેખે વડાપ્રધાનનું પદ પ્રાપ્ત તો કર્યું પરંતુ એમને અધવચ્ચે જ ઉઠાડી મુકાયા હતા, તે આપણે જાણીએ છીએ. આજે એક એવા ગુજરાતી નેતાએ દેશભરમાં આગવી ઈમેજનાં અજવાળાં પાથર્યાં છે કે એ જ હિંદીભાષી પ્રજા એમને ઢગલામોઢે બેઠકો આપી વડાપ્રધાન પદે આરૂઢ થયેલા જોવા માગે છે. કોંગ્રેસ પ્રત્યે પ્રજાને અણગમો થઈ ગયો છે અને ભાજપે સર્વસંમતિથી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ આ ચૂંટણી લડી એમને 'વિકાસ પુરુષ' તરીકે પ્રોજેકટ કર્યા છે. ગુજરાતની પ્રજા માટે આથી વધુ રૂડો અવસર બીજો કયો હોઈ શકે? નરેન્દ્રભાઈએ દિલ્હી નિવાસ માટે બિસ્તરા બાંધી દીધા છે. એમણે વ્યૂહાત્મક અને સંવેદનશીલ ભાવનાત્મક અભિગમથી પ્રજાનું દિલ જીતી લીધું હોય અને પ્રજા એમને સુશાસન માટેની એક તક આપવા માગતી હોય તો દરેક ગુજરાતીએ ખરા દિલથી નરેન્દ્રભાઈને ગુજરાતમાંથી વિદાય આપવાની તૈયારી રાખવી જોઈએ. આ ગૌરવ ઘટના આમ તો સોળમી મે પછી સાકાર થશે પરંતુ નરેન્દ્રભાઈ તો રાષ્ટ્રીય નેતા તરીકેનો જન્મદિવસ આજે છે- બારમી મે, ૨૦૧૪ના દિવસે વારાણસીની બેઠકની ચૂંટણી છે. બેસ્ટ ઓફ લક નરેન્દ્રભાઈ!

# અંતિમ દિવસે પણ કારકિર્દી મેળાને ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો

## રવિવાર હોવાથી વાલીઓ સંતાનોને લઈને ઉમટી પડ્યા : કારકિર્દીલક્ષી ખૂબ જ ઉપયોગી પ્રવચનો અને પરિસંવાદ યોજાયા

ગાંધીનગર, તા. ૧૧

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા યુવાનોને શૈક્ષણિક માહિતી અને જીવનલક્ષી કારકિર્દી ઘડવામાં મદદરૂપ થાય તેવા આશયથી યોજવામાં આવેલ કારકિર્દી મેળો ફ્યુચ્યુરા-૨૦૧૪ને બીજા દિવસે ખૂબ જ ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો હતો. આજે રવિવાર હોવાથી વાલીઓ તેમના સંતાનોને લઈને આ મેળાની મુલાકાત લેવા ઉમટી પડ્યા હતા અને આ મેળા દરમ્યાન યોજાયેલા પ્રવચનો અને પરિસંવાદોને પણ રસપૂર્વક માણ્યા હતા.

ફ્યુચ્યુરા-૨૦૧૪ના બીજા અને અંતિમ દિવસે સવારના સેશનમાં 'સ્ટોર્મ' ઈન્સ્ટીટ્યુટના કલ્પેશ બ્રહ્મભટ્ટે ઓવરસીઝ એજ્યુકેશન અંગે, વાઘબકરી ચા ગ્રુપના જિગ્નેશ શાહે યુવાનોને ઈન્ટરવ્યુ અંગેની તૈયારી અંગે, કડી કેમ્પસના ડૉ. નલીન જાનીએ ઉચ્ચ શિક્ષણના મહત્વ અંગે ઉપરાંત નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી એટલે કે નિફ્ટના ડૉ. કૃતિ



ધોળકિયાએ ફેશન ટેકનોલોજીમાં નવતર ટ્રેન્ડ વિશે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. નલીન જાનીએ ઉચ્ચ શિક્ષણની જીવનમાં ખૂબ અગત્યની જરૂરિયાત હોવાના સાથે તેના મહત્વને પણ ખૂબ જ સરળ ભાષામાં સમજાવ્યું હતું. વાઘ બકરી ગૃપના જિગ્નેશ શાહે યુવાનોને પ્રગતિ માટે જીવનમાં 'સ્પાર્ક' હોવો જરૂરી છે તેવું સમજાવતા વીઝનેબલ ગોલ રાખીને કાર્ય કરવા સલાહ આપી હતી.

બપોર પછીના સેશનમાં સેન્ટ્રલ યુનિવર્સિટીના ડૉ. આલોક ગુપ્તાએ ઈન્ટરનેશનલ સીક્યુરીટી અને સામાજિક વિજ્ઞાન અંગે પ્રકાશ પાડ્યો હતો. આ મેળાના અંતિમ દિવસે મુલાકાતીઓનો ઘસારો રહ્યો હતો. ગુજરાત વિદ્યાપીઠની વિદ્યાર્થીનીઓએ હાથ બનાવટની ચીજવસ્તુઓનું વેચાણ કર્યુ હતુ જ્યારે પુસ્તકો પર ૫૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ આપતા સ્ટોલ પર પણ ભારે ઘરાકી જોવા મળી હતી.

# સીબીએસઇ ધોરણ ૧૦ માટેનું પરિણામ ટૂંકમાં જાહેર કરાશે

## પેપર ચકાસણી માટેની નવી પદ્ધતિ અપનાવવામાં આવ્યા બાદ પરિણામ વહેલા જાહેર થાય તેવી પ્રબળ સંભાવના

અમદાવાદ, તા. ૧૧

એક વિદ્યાર્થીની કારકિર્દીમાં તેના અને તેના વાલીઓ માટે સૌથી વધારે બોર્ડની પરીક્ષાનું મહત્વ હોય છે અને એટલે જ તો બોર્ડની પરીક્ષાના પરિણામને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અન્ય કોઈ પરીક્ષાના પરિણામ કરતા વધુ આતુરતા હોય છે. ત્યારે વિદ્યાર્થીઓની આ આતુરતાને ધ્યાનમાં રાખી સીબીએસઈએ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાના પરિણામ વહેલા જાહેર કરવાની જાહેરાત કરી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪માં યોજાયેલી ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાઓના પેપરના મૂલ્યાંકન માટે નવી પદ્ધતિ અપનાવી છે. જેના કારણે સીબીએસઈના ધોરણ ૧૦ના પરિણામ વહેલા મેળવી શકાશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ તાજેતરમાં જ સીબીએસઈ દ્વારા દેશભરની સ્કૂલ્સમાં ઓનસ્ક્રિન માર્કિંગ સિસ્ટમની પદ્ધતિ લાગૂ કરવામાં આવી છે. આ ચેકિંગ સિસ્ટમ ધોરણ ૧૦ના સિલેકટેડ વિષયો માટે લાગુ કરાઈ છે. જેમાં મેથેમેટિક્સ, ઈંગ્લિશ લેન્ગવેજ લિટરેચર અને ઈંગ્લિશ કમ્યુનિકેટિવ અને સોશિયલ સાયન્સનો સમાવેશ થાય છે. આ સિસ્ટમના માધ્યમથી વિદ્યાર્થીઓને ઉત્તરવહીઓ ઝડપથી ચેક થઈ શકશે. સીબીએસઈનું આ સોફ્ટવેર અનોખું છે. જેમાં ટિચર્સે તમામ પ્રશ્નો ચેક કરવા જરૂરી છે. એક પણ સવાલ અનચેકડ હશે તો પ્રોસેસ કમ્પ્લીટ નહીં થાય. પેપર્સ ઓનલાઈન ચેક થવાના કારણે ચેકિંગ થવામાં ટાઈમ લાગે તેમ નથી તેથી સંભવઃ મે મહિનાના ત્રીજા અઠવાડિયામાં પરિણામો જાહેર થવાની સંભાવનાઓ જોવાઈ રહી છે. આ સમય રેગ્યુલર સમય કરતા થોડો વધુ છે. તેથી સ્ટુડન્ટને પણ સીબીએસઈના ધોરણ ૧૦ બોર્ડના સ્ટુડન્ટ્સને પોતાના રિઝલ્ટ્સ વહેલી તકે મળે તેવી સંભાવના છે.

# વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટ્સ સ્કોલરશીપની જાહેરાત

અમદાવાદ, તા. ૧૧

હિન્દુસ્તાન યુનિવર્સિટીએ વર્ષ ૨૦૧૪-૧૫ માટે સ્પોર્ટ્સ સ્કોલરશીપ્સ જાહેર કરી છે. યુનિવર્સિટીની નવી દિલ્હી ઓફિસમાં ૧૭મે, ૨૦૧૪ના રોજ સ્પોર્ટ્સ ક્વોટા પસંદગીઓ કરવામાં આવશે. આ ઉપરાંત હિન્દુસ્તાન યુનિવર્સિટીની જૂથ સંસ્થાઓ હિન્દુસ્તાન ઈન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી અને કેસીજી કોલેજ ઓફ ટેકનોલોજીમાં પણ સ્પોર્ટ્સ સ્કોલરશીપ્સ ઓફર કરવામાં આવશે.

હિન્દુસ્તાન યુનિવર્સિટી તેના શૈક્ષણિક અને રમતગમત શ્રેષ્ઠતા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી છે. આ જૂથે વર્ષો વર્ષ તેના સ્પોર્ટ્સ ક્વોટા હેઠળ રમતગમતોમાં શ્રેષ્ઠતા દાખવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો છે. અત્યાર સુધીમાં ૨૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ સ્પોર્ટ્સ સ્કોલરશીપ મેળવી છે. પુરૂષો માટેની રમતોમાં બાસ્કેટ બોલ, ક્રિકેટ, ફૂટબોલ, ઘોડેસવારી, માર્શલ આર્ટ્સ, સ્વીમિંગ, ટેબલ ટેનિસ, ટેનિસ, વોલીબોલ, જિમ્નેસ્ટીક અને ચેસનો સમાવેશ થાય છે. મહિલાઓ માટેની રમતોમાં બાસ્કેટબોલ, બેડમિન્ટન, ઘોડેસવારી, માર્શલ આર્ટ્સ, ટેબલ ટેનિસ, ટેનિસ અને વોલીબોલનો સમાવેશ થાય છે. આ માટે વિદ્યાર્થીઓએ સવારે ૯.૩૦ કલાકે ઓરિજીનલ સર્ટિફિકેટ સાથે હાજર થવાનું રહેશે.

# ગરીબોને મફતમાં પ્રવેશ નહીં આપનારનું એનઓસી રદ કરાશે

## રાજ્યભરની તમામ શાળાઓના આચાર્યોને ગરીબ અને વંચિત બાળકોને પ્રવેશ આપવાની સૂચના આપવામાં આવી

અમદાવાદ, તા. ૧૧

સરકાર દ્વારા દરેક વર્ગના ગરીબ અને વંચિત બાળકોને પુરતું શિક્ષણ મળી રહે તે હેતુથી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ બનાવવામાં આવ્યો છે જેનું આગામી ૧૫ જૂનથી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં કડક અને ચુસ્ત પાલન કરાવવા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કમર કસવામાં આવી છે. આ માટે રાજ્યના તમામ શાળાના આચાર્યોને આગામી શૈક્ષણિક વર્ષમાં ગરીબ બાળકોને પોતાની શાળામાં આરટીઈ હેઠળ પ્રવેસ આપવા માટે જણાવી દેવામાં ચાલુ છે. જો આ હુકમનું પાલન ચુસ્તપણે પાલન નહીં કરવામાં આવે તો શાળાનું નો ઓબ્જેકશન સર્ટિફિકેટ રદ કરી દેવામાં આવશે તેવી ગર્ભિત ચીમકી પણ આપવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦માં ગરીબ અને વંચિત બાળકોને પણ સારી અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતી શાળાઓમાં શિક્ષણ મળી રહે તેવા હેતુથી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ બનાવલવામાં આવ્યો છે. ૨૦૧૦થી અત્યાર સુધીમાં આ હુકમનો ચુસ્તપણે અમલ કરાવો નહતો. આરટીઆઈના આ કાયદા અંતર્ગત અમદાવાદ, રાજકોટ, વડોદરા અને અન્ય શહેરોમાં તેનો અમલ કરવો જરૂરી છે. કેટલાક શહેરોમાં હજુ સુધી એક પણ વિદ્યાર્થીને ખાનગી શાળાઓમાં આરટીઈ એક્ટ હેઠળ પ્રવેશ અપાયો ન હોવાની બાબત તંત્રને ધ્યાને આવી છે જેના આધારે તંત્રએ બાળકોને પ્રવેશ ન આપનાર શાળાઓની એક યાદી તૈયારી કરી છે. આ શાળાના આચાર્યોને રૂબરૂ બોલાવીને બેઠક પણ કરવામાં આવી રહી છે.

આ બેઠકમાં વિદ્યાર્થીઓને કઈ રીતે એડમિશન આપવું? આ બાળકોની પસંદગીની પ્રક્રિયા કઈ હોઈ શકે ? કયા વર્ગના બાળકો આરટીઆઈ હેઠળ પ્રવેશ પાત્ર છે ? તે તમામ બાબતો અંગે ચર્ચા કરાયા બાદ પ્રવેશ પ્રક્રિયા નક્કી કરવામાં આવશે અને તમામ બાબતોને આવરી લેતી એક માર્ગદર્શક રૂપરેખા બનાવાશે જે પણ ખાનગી શાળા આ આરટીઈ એક્ટનું પાલન કરવાની ના પાડશે તેમનું એનઓસી રદ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ મુજબ ગરીબ અને આર્થિક રીતે પછાત વર્ગના બાળકોને ખાનગી શાળામાં પણ પ્રવેશ ફરજિયાત છે. આ તમામ બાળકોનો ખર્ચ સરકાર ઉઠાવે છે. આ આરટીઈ એક્ટ હેઠળ જે શાળામાં ગરીબ અને વંચિત બાળકોને પ્રવેશ આપવામાં આવે છે તે બાળકો બીપીએલ કાર્ડ ધરાવતા પરિવારના બાળકો હશે જે બાળકના પરિવારની કુલ વાર્ષિક આવક રૂપિયા ૩૬૦૦૦ કરતા ઓછી હશે તેનો દાખલો તેમણે મામલતદાર અથવા કલેક્ટર પાસેથી લેવો પડશે.

# સેમેસ્ટર ૭-૮ની પરીક્ષા એકસાથે જ ગોઠવાઈ

અમદાવાદ, તા. ૧૧

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી એટલે કે જીટીયુની બેદરકારીનો વધુ એક કિસ્સો સામે આવતા તેના વહીવટમાં રહેલ ઉણપો છતી થવા પામી છે. આ વખતે જીટીયુ દ્વારા વિદ્યાર્થીઓના ભણતર સાથે ગંભીર કહી શકાય તેવા ચેડા કરવામાં આવ્યા છે જેને લઈને ભારે હોહા થવા પામી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સેમેસ્ટર સાત અને આઠની પરીક્ષાઓનું ટાઈમ ટેબલ યુનિવર્સિટી દ્વારા એવી રીતે કરાવવામાં આવ્યું છે કે, બંને સેમેસ્ટરની પરીક્ષાઓ એક સાથે થઈ ગઈ હતી જેને લઈ વિદ્યાર્થીઓમાં રોષ વ્યાપી ગયો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને છવરડા એક્ક સિક્કાની બે બાજુ સમાન થઈ ગયા છે ત્યારે જીટીયુની બેદરકારીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સેમેસ્ટર સાત અને આઠની પરીક્ષાઓનું ટાઈમ ટેબલ યુનિવર્સિટી દ્વારા એવી રીતે કરાવવામાં આવ્યું છે કે, બંને સેમેસ્ટરની પરીક્ષાઓ એક સાથે થઈ ગઈ હતી. જીટીયુમાં છેલ્લુ સેમેસ્ટર આઠ છે અને તે વિદ્યાર્થીઓ માટે ઘણું મહત્વનું હોય છે અને બંને સેમેસ્ટરની પરીક્ષા એકસાથે લેવામાં આવતા વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બીજી તરફ આ મામલે જીટીયુ દ્વારા કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. એક જ દિવસે સેમેસ્ટર સાત અને આઠની પરીક્ષાને લઈ વિદ્યારથીઓ માનસિક તણાવમાં મુકાયા છે અને આ મુદ્દે વિદ્યાર્થી સંગઠનો દ્વારા અવાજ ઉઠાવવામાં આવ્યો છે જેમાં જીટીયુ અને ટેકનિકલ શિક્ષણ વિભાગમાં ફરિયાદ કરવામાં આવી છે. જીટીયુ સેમેસ્ટર સાતની પરીક્ષાઓ આગામી ૨૭મી મેના રોજ શરૂ થનાર છે જેની સાથે જ સેમેસ્ટર આઠની પરીક્ષાઓ યોજવામાં આવતા વિદ્યાર્થીઓ ભારે મુઝવણમાં મુકાયા છે. વધુમાં જ્યારે જીટીયુ દ્વારા પરીક્ષાના સમયપત્રકમાં મોટી ભુલ કરી હોય વિદ્યાર્થીઓ ભારે હતાશ છે.

# ઘરેલું હિંસા અટકાવવા સંદર્ભે સામાવાળા પાસેથી બોન્ડ પણ લખાવી શકે છે તેમજ વસવાટ પૂરું પાડવાના હુકમના અમલીકરણ માટે સંબંધીત અધિકારીને ભોગ બનનાર વ્યક્તિના રક્ષણ કરવા માટે તેમજ સામાપક્ષકારને ભાડુ ચૂકવવા તેમજ ભોગ બનનાર વ્યક્તિનું સ્રીધન પાછું આપવા હુકમ કરી શકે

**મહિલા સમાજ અને કાયદો - અંક-૪૩**

*ડો. ભાવના કે. જોશીપુરા*

ગત અંકમાં આપણે મીના તથા સીમાના કેસની ચર્ચા કરી તેમજ કલમ-૧૮ રક્ષણ પૂરું પાડવાનો હુકમ અંગે પણ ચર્ચા કરી. ખાસ કરીને સ્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો ઘડવા માટે આજના સમયની જે વાસ્તવીક પરિસ્થિતિ છે તે અનુસંધાને જ ઘડવો પડયો હશે તેવું લાગે છે. સ્રીઓને ઘર ગથ્થું હિંસા સામે રક્ષણના કાયદાની કલમ- ૧૯ અંગે ચર્ચા કરીએ તો,

***કલમ -૧૯ : વસવાટ પૂરું પાડવાનો હુકમ***

(૧) કલમ -૧૨ ની પેટા કલમ -૧ અંતર્ગત કરવામાં આવેલી અરજીના નિકાલ સમયે જો નામદાર કોર્ટને માનવાને એવું કારણ હોય કે તે ઘરેલું હિંસા બની હતી તો નામદાર કોર્ટ વસવાટ પૂરું પાડવાનો હુકમ કરી શકે છે કે કેમ, જેમાં

(એ) સામા પક્ષકારને ભોગ બનનાર વ્યક્તિની માલિકીની સંપતિ કે સહિયારુ ઘર કે જેમાં સામા પક્ષકારનો પણ કાયદાથી સમન્યાયની દ્રષ્ટિએ હક હીત હોય તે છતાં સામો પક્ષકાર તે ભોગ બનનાર વ્યક્તિને તેની સંપત્તિ ગૃહથી વંચીત કે કબજા માલિકી વિહિન કરી શકે નહીં.

(બી) સામા પક્ષકારને સહિયારા ઘરમાંથી નીકળી જવા સંર્દભે

(સી) જયાં ભોગ બનનાર વ્યક્તિ રહેતી હોય તેવા સહિયારા ઘરમાં સામો પક્ષકાર કે તેના સગાને પ્રવેશ કરતા અટકાવવા સંદર્ભે

(ડી) સામા પક્ષકારને સહિયારા ઘરનો નિકાલ કરવા કે તેના ઉપર બોજો ઉત્પન્ન કરવા અટકાવવા

(ઈ) મેજીસ્ટ્રેટની પૂર્વ મંજૂરી સિવાય સામા પક્ષકારને સહિયારા ઘરમાંથી તેના હક્ક- ત્યાગ કરતા અટકાવવા સંદર્ભે

(એફ) સામા પક્ષકારને ભોગ બનનાર વ્યક્તિ સહિયારા ઘરમાં જે રીતે વસવાટ કરતી હતી તેવા જ પ્રકારના રહેણાંકની વ્યવસ્થા અથવા સંજોગોની જરૂરીયાતને અનુલક્ષીને મકાનનું ભાડું ચૂકવવા હુકમ કરી શકે છે.

આ કલમમાં એવું સ્પષ્ટ પણે જણાવવામાં આવ્યું છે કે, આ કલમની પેટા કલમ (૨) અંતર્ગત કોઈપણ સ્રી વ્યક્તિ સામે આ પ્રકારનો હુકમ કરી શકાશે નહીં.

(૨) મેજીસ્ટ્રેટ ભોગ બનનાર વ્યક્તિ કે તેના બાળકની સલામતી માટે કેસના સંજોગોને આધીન રહી વ્યાજબી રીતે એ તમામ વધારાની શરતો હુકમ લાદી શકશે.

(૩) મેજીસ્ટ્રેટ સામા પક્ષકારને પોતે આવું ઘરેલું હિંસાયુક્ત કૃત્ય કરતાં અટકાવવાં બોન્ડ કે જામીનગીરી કરવાનો હુકમ કરી શકશે.

(૪) આ કલમની પેટા કલમ- (૩) નીચે કરવામાં આવેલો હુકમ એ ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૯૭૩ના પ્રકરણ- ૮ કરવામાં આવેલો હુકમની જેમ ગણાશે અને એ અનુસાર તેની બજવણી પણ થશે.

(૫) આ કલમની પેટા કલમ- ૧, ૨, ૩ નીચે હુકમ કરતી વખતે મેજીસ્ટ્રેટ નજીકના પોલીસ સ્ટેશનના ઈનચાર્જને ઓફિસરને ભોગ બનનાર વ્યક્તિને રક્ષણ પૂરું પાડવા તેમજ હુકમની બજવણી માટે તેણીના વતી અરજી કરવા, તેણીને મદદ કરવા હુકમ કરી શકે છે.

***કલમનું વિવરણ :***

આ કલમમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જો મેજીસ્ટ્રેટને માનવાને એવું કારણ હોય કે ઘરેલું હિંસાની ઘટના બની હતી તો નામદાર કોર્ટ એ વસવાટ પૂરું પાડવાનો હુકમ કરી શકે છે. આ હુકમમાં સામાવાળાને ભોગ બનનાર વ્યક્તિને તેની માલિકી કબજામાંથી વંચીત કરતા અટકાવવા, સહભાગયુકત ગૃહમાંથી દૂર કરતા અટકાવવા, સહિયારા ઘરમાં સામાવાળા કે તેના સગાને પ્રવેશ કરતા અટકાવવા સંદર્ભે, સામા પક્ષકારને સહિયારા ઘરનો નિકાલ કરવા કે બોજો ઉત્પન્ન કરતો અટકાવવા, સામાપક્ષકારને સહિયારા ઘરમાં મેજીસ્ટ્રેટ પૂર્વ મંજૂરી સિવાય હકક જતો કરતા અટકાવવા સામા પક્ષકારને ભોગ બનનાર વ્યક્તિ માટે વસવાટની વ્યવસ્થા કે ભાડુ ચૂકવવાની વ્યવસ્થા કરવા સંદર્ભે હુકમ કરવામાં આવે છે. આ કલમમાં કોઈપણ સ્રીને તેના સહિયારા ઘરમાંથી વંચીત કરવા સંદર્ભેનો હુકમ કરી શકશે નહીં. ભોગ બનનાર વ્યક્તિ કે તેના બાળક કે તેની સલામતી માટે મેજીસ્ટ્રેટ વધારાની શરતો લાદી શકે છે, ઘરેલું હિંસા અટકાવવા સંદર્ભે સામાવાળા પાસેથી બોન્ડ પણ લખાવી શકે છે તેમજ વસવાટ પૂરું પાડવાના હુકમના અમલીકરણ માટે સંબંધીત અધિકારીને ભોગ બનનાર વ્યક્તિના રક્ષણ કરવા માટે તેમજ સામાપક્ષકારને ભાડુ ચૂકવવા તેમજ ભોગ બનનાર વ્યક્તિનું સ્રીધન પાછું આપવા હુકમ કરી શકે છે.

***કલમ - ૨૦ : નાણાકીય રાહત***

(૧) આ કાયદાની કલમ-૧૨ પેટા કલમ -૧ની અરજીના નિકાલ વખતે નામદાર કોર્ટ ભોગ બનનાર વ્યક્તિ કે તેના બાળકને ઘરેલું હિંસાના કારણે થયેલ નુકશાન, ઈજા તેમજ થતા ખર્ચને પહોંચી વળવા માટે સામા પક્ષકારને નાણાંકીય રાહત પૂરું પાડવા હુકમ કરે છે, આ નાણાંકીય રાહત એ માત્ર (અ) આવકની નુકશાની (બી) તબીબી ખર્ચાઓ (સી) ભોગ બનનાર વ્યક્તિના કબજામાંથી સંપતિ દૂર કરવાના પરિણામ સ્વરૂપે થયેલ નુકશાન વિનાશને કારણે થયેલ નુકશાન (ડી) ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ - ૧૨૫ અંતર્ગત કરવામાં આવેલ ભરણપોષણના હુકમ અંતર્ગત ભોગ બનનાર વ્યક્તિ કે તેના બાળક માટેના ભરણ પોષણની રકમ પૂરતું જ મર્યાદિત નથી.

(૨) ભોગ બનનાર વ્યક્તિ જે પ્રકારના જીવન ધોરણ પ્રમાણે જીવવા માટે ટેવાયેલી હોય તેવા જીવન ધોરણ અનુસાર આ નાણાંકીય રાહત એ યોગ્ય, ન્યાયી તેમજ વ્યાજબી હોવી જોઈએ.

(૩) મેજીસ્ટ્રેટ કેસના સંજોગોને ધ્યાનમાં રાખીને સામા પક્ષકારને ભરણ પોષણની સામુહિક કે માસિક ચૂકવણી કરવા હુકમ કરવા સતા ધરાવે છે.

(૪) મેજીસ્ટ્રેટ એ કાયદાની પેટા કલમ-૧ નીચે કરેલ નાણાંકીય રાહતનો હુકમની નકલ બંને પક્ષકારોને તેમજ સામો પક્ષકાર જયાં રહેતો હોય તેની હકૂમતમાં આવતા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઓફિસરને પૂરી પાડી શકશે.

(૫) સામો પક્ષકાર એ પેટા કલમ-૧ નીચે કરવામાં આવેલા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા સમય મર્યાદાની અંદર ભોગ બનનાર વ્યક્તિને નાણાંકીય રાહત ચુકવવાની રહેશે

(૬) આ કલમની પેટા કલમ -૧ નીચે કરવામાં આવેલા હુકમ પ્રમાણે સામો પક્ષકાર એ જો ચુકવણી કરવામાં નિષ્ફળ જાય તો મેજીસ્ટ્રેટ એ સામા પક્ષકાર જયાં નોકરી કે કામ કરતો હોય તેના માલિકને પગારની રકમ નાણાંકીય વળતર સંદર્ભે અદાલતમાં જમા કરાવવાનો આદેશ કરી શકે છે. જો સામાવાળાને કોઈપણ જગ્યાએથી રકમ વસુલ લેવાની થતી હોય તો એવા દેવાદાર પાસેથી સામાવાળાને રકમ વસુલ મળવાને બદલે સીધી અરજદારને રકમ મળી શકે અને આવી રકમ જે તે દેવાદાર અદાલતમાં જમા કરાવે તે પ્રમાણે નાણાંકીય વળતર અરજદારને મળી શકે છે.

કલમ- ૨૦ના વિવરણ તેમજ નવા કેસના ઉદાહરણો સાથે મળીએ આવતે અંકે...